# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : વિરલ રાણા

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૦૫-૧૦-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## કેન્દ્રીય ગૃહ મંત્રી-અમિત શાહ :

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના 473 કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમહુર્ત કર્યું.આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે ગાંધીનગરના ઇન્દ્રોડા પાર્કને આગામી ટૂંક સમયમાં દેશનું સૌથી મોટું બાળકોને ફરવા માટેનું સ્થળ બનાવવામાં આવશે.

શ્રી શાહે જણાવ્યું કે આજના દિવસમાં 919 કરોડ રૂપિયાના વિકાસ કામોનું ખાતમહૂર્ત અને લોકાર્પણ કરાયું.તેમણે ઉમેર્યું હતું કે અત્યાર સુધીમાં આ લોકસભા વિસ્તારમાં 23 હજાર,951 કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે.તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે 14 હજાર કરોડની વધુ વિકાસ કામોની ભેટ આપવામાં આવી.આ પ્રસંગે તેમણે વિકાસની દ્રષ્ટિએ ગાંધીનગર દેશમાં ટોચનો મત વિસ્તાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રી-RTI સપ્તાહ :

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે RTI સપ્તાહની ઉજવણીના ભાગરૂપે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયું

હતું.આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ, માહિતી કમિશ્નર,ઉપરાંત રાજ્યના ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## નવરાત્રી પર્વ :

આજે નવરાત્રિનો ત્રીજો દિવસ છે.મા અંબાના ચંદ્ર ઘંટા સ્વરૂપનું પૂજન થાય છે.મા ચંદ્ર ઘંટાને દશ ભૂજાઓ અને મસ્તક પર અર્ધચંદ્ર છે તેમનું વાહન સિંહ છે.તેમની આરાધનાથી વિપતિઓનો નાશ થાય છે.સમગ્ર રાજ્યમાં નવરાત્રિની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે.

**RNU અમદાવાદ**

---

## શક્તિ પર્વ-સંસ્કૃતિક કાર્યક્રમ-માતાના મઢ :

રાજ્ય સરકારના રમતગતમ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા યુવા વિકાસ અધિકારી,કચ્છ સંચાલિત ગુજરાતના શક્તિપીઠ સ્થળો પર મુલાકાત લેતા પર્યટકોને વિભિન્ન પ્રકારની ઝાંખી મળે તથા "શક્તિ પર્વ" સ્થળને પારંપરિક શેરી ગરબા દ્વારા વધુ ઉર્જાવાન બનાવવાના હેતુથી "શક્તિ પર્વ" નિમિતે સાંસ્કૃતિક કાર્યક્રમ શેરી ગરબાનું આયોજન આજે  સાંજે માતાના મઢ ખાતે કરવામાં આવેલ છે.જેમાં નામાંકીત કલાકારો દ્વારા પારંપરિક ગરબાની પ્રસ્તુતિઓ કરવામાં આવશે.આ ભાતીગળ ગરબાનો લાભ લેવા જાહેર જનતાને આમંત્રણ અપાયું છે.

**માહિતી ખાતું**

---

## નવરાત્રી-એસ.ટી ટ્રીપ :

આસો નવરાત્રીના પ્રારંભ પૂર્વે જ લાખો શ્રદ્ધાળુઓએ કચ્છના દેશ દેવી માં આશાપુરાના સ્થાનકે શીશ ઝુકાવ્યું હતું.માતાનામઢના મેળા દરમ્યાન કચ્છ એસટી વિભાગ દ્વારા પણ માઈ ભક્તોની સુવિધા માટે વધારાની બસો દોડાવવામાં આવી રહી છે.

આ અંગે કચ્છ એસટી વિભાગ સુત્રો માંથી મળતી માહિતી મુજબ,માતાનામઢ માટે કચ્છ એસટી દ્વારા તા.૩૦મી સપ્ટેમ્બરથી વધારાની ટ્રીપો દોડાવવામાં આવી હતી જેમાં કચ્છ એસટીને એક્સ્ટ્રા ટ્રીપ મારફતે ૫૭ લાખથી વધુની આવક થઈ છે.

કચ્છ વિભાગમાંથી ૧૨૦ અને અન્ય બે વિભાગમાંથી ૪૦ મળીને કુલ્લ ૧૬૦ બસો ફાળવવામાં આવી હતી.જેમાં ૪૫ હજારથી વધુ મુસાફરોએ એસટીની ખાસ સેવાનો લાભ લીધો હતો.આવતીકાલે રવિવારની રજા અને હવનાષ્ટમી નિમિત્તે કચ્છ એસટી દ્વારા વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**NP-વિરલ રાણા**

---

## હાથશાળ અને હસ્તકલા :

હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રે ઉમદા કામગીરી કરનારા રાજ્યના 11 કારીગરોને સમ્માનિત કરવામાં આવશે.ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ 2026 અંતર્ગત કારીગરોને પ્રોત્સાહન મળે તે હેતુથી અંદાજે 25 લાખ રૂપિયાના ખર્ચે હસ્તકલાના 11 જેટલા કારીગરોને તેમના ક્ષેત્ર અનુસાર પુરસ્કૃત કરાશે.ટેક્સટાઇલ,ભરતકામ,મોતીકામ,ચર્મકામ,માટીકામ,લાકડું તેમજ વાંસકામ

સહિતના અન્ય ક્રાફ્ટ ક્ષેત્રોમાંથી ઉત્કૃષ્ઠ કામગીરી કરતા કારીગરોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**રીપીટ**

---

## સ્વચ્છતા હી સેવા-કચ્છ :

દરેક શહેરમાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન હેઠળ વિવિધ જગ્યાઓએ અનેક જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.કચ્છ જિલ્લામાં વિવિધ પંચાયત દ્વારા ગ્રામ્યકક્ષાએ જાહેર મિલ્કત અને ગામને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે.જેમાં શાળાના બાળકો તથા ગ્રામજનો, આંગણવાડી કાર્યકરો સહિતનાએ અનેક સ્થળોએ સફાઈ કામ હાથ ધર્યું હતું.

દરમ્યાન "સ્વચ્છતા હી સેવા"વર્ષ ૨૦૨૪ની સ્વચ્છતા અભિયાનની "સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" થીમ હેઠળ ગામોમાં પુલ, નદી-નાળામાં રહેલ ગંદકીની સફાઇ કરવામાં આવી હતી.ઉપરાંત ગ્રામ પંચાયત ઓફીસોમાં સફાઇ કામગીરી કરાઇ હતી.

**માહિતી ખાતું**

---

## રાપર-શેરી નાટક :

"સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" ના ભાગરૂપે ગાંધીનગરથી આવેલા સહયોગ ટ્રસ્ટના આર્ટીસ્ટો દ્વારા રાપર શહેરના ૫ અલગ અલગ જગ્યાએ શેરી નાટકો કરવામાં આવ્યા હતા.આ નાટકના માધ્યમથી નાગરિકોને સ્વરછતા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.